

## સલામી સવારની..

સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

*(રજત જયંતી વર્ષ)*

*બેકાબૂ 'સાહેબો' બદલાવે રાતોરાત ચૂંટણી!*
*નીતિ-નિયમો, બદલાવે રાતોરાત ચૂંટણી!*
*જવું પડે રાતોરાત 'જંગલ' સીતાબેનને પણ -*
*દોસ્તી-દુશ્મની, બદલાય રાતોરાત ચૂંટણી!*
*(ચૂંટણી 'જેહાદ'માં જાગૃત સરકાર)*

### હાઈકુ

*દીદીને પણ !*
*લ્યો ! ડરાવે છે હવે -*
*'દાદા'નો ડર!!*

*કરે છે તપ!*
*સત્તા પાદુકા માટે -*
*નંદીગ્રામમાં...*

### ચિંતન

***પાપાન્ નિવારયતિ, યોજયતે હિતાય, ગુહ્યં ચ ગૂહતિ ગુણાન પ્રકટી કરોતિ ।***
***આપદ્ગતં ચ ન જહાતિ દદાતિ કાલે સન્મિત્ર લક્ષણમિંદ પ્રવદન્તિ સંતઃ ॥***

**ઉપરોક્ત શ્લોક સંસ્કૃત સુભાષિત ભાંડાગારમાંથી લેવામાં આવેલ છે.**

**સાચો મિત્ર આટલો જરૂર કરે : પાપોથી નિવૃત્તિ કરાવે.**

**પાપ અને પુણ્ય બે પ્રકારનાં કર્મો હોય છે. માણસ સ્વભાવગત્ - પાપ વૃત્તિવાળો હોય છે. જેમાં પાણી નીચે ઢાળ તરફ આપોઆપ દોડતું હોય છે, તે માટે મોટર લગાવવાની જરૂર રહેતી નથી. આવી જ રીતે માણસ પણ સ્વભાવથી પાપરુપી ઢાળ તરફ દોડ્યા કરતો હોય છે. જો તેને સાચો મિત્ર મળે તો તે પ્રથમ કાર્ય તેને પાપોથી મુક્ત કરવાનું કરતો હોય છે, જેમ જેમ માણસ પાપથી મુક્ત થતો જાય છે. તેમ તેમ તે સુખ અને શાંતિ પ્રાપ્ત કરતો હોય છે. કદી પણ પાપ અને શાંતિ સાથે રહી ન શકે. જો કુમિત્ર મળ્યો હોય તો મિત્રને પાપમાં જોતરવાનું કાર્ય પ્રથમ કરે. તેથી કદાચ મિત્ર નિષ્પાપી હોય તો પણ પાપી થઈ જાય.**

### સુવિચાર

- તુમ્હારે દિલ કી ચુભન ભી જરૂર કમ હોતી,
  કિસી કે પાંવ સે કાંટા નિકાલ કર દેખો - **જસ્મી ભટ્ટી**
- મન મૂંડ્યા વિના માથું મૂંડ્યું શા કામનું ? - **ગુજરાતી કહેવત**
- ભલા માણસનો પરિચય એ જ છે કે
  બીજાઓને નુકશાન કેવી રીતે પહોંચાડવું તે એ જાણતો નથી - **મોરારિ બાપુ**
- મહેનતું માણસને નસીબ સામેથી પોતાનું 'વિઝિટિંગ કાર્ડ' આપે છે - **સંત રોબિન**
- આપણે બીજાને કરેલી ઈજાને, અને બીજાએ આપણને કરેલી ઈજાને તોળવાનાં આપણાં કાટલાં જુદા જુદાં હોય છે - **ઈસપ**
- શેતાન પોતાનું કામ કઢાવવા ધર્મશાસ્ત્રના પાઠ પણ કરવા તૈયાર હોય છે - **શેક્સપિયર**
- આજનું ઔષધ : ૨૦૦ ગ્રામ અનાનસનો રસ સતત ત્રીસ દિવસ પીવાથી પ્રોસ્ટેટના દુઃખાવામાં રાહત થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

ચીનનો એક રાજા પોતાના અડોશપડોશના રાજયોનાં દરેક ધર્મસ્થાનો જઈ આવ્યો. પછી ત્યાંનાં સંત કન્ફ્યુશિયસ પાસે ગયો અને દુઃખી અવાજે કહ્યું, 'જીવન લગભગ દરેક તીર્થસ્થાનોની યાત્રા કરવા છતાં મને મનમાં આનંદ અને શાંતિથી લાગણી થઈ નથી. મારું મન વ્યગ્ર રહે છે. કોઈ ઉપાય નહિ મળે તો હું આત્મહત્યા કરીશ.' સંત કન્ફ્યુશિયલની વાત સાંભળી અને કહ્યું, 'અત્યારે હું કામમાં છું, તમે પંદર દિવસ પછી આવજો, હું તમને આનંદ સાગરના કિનારે લાવી શકીશ. પણ એક શરત છે. આ પંદર દિવસ તમારે સંપૂર્ણ એકાંતમાં રહી મૌન પાળવું પડશે.' રાજાને આનંદ અને મનની શાંતિ માટે સાચી લગની હતી. આથી તેણે સંતની સૂચનાનું સંપૂર્ણ પાલન કર્યું. અને પંદર દિવસ પછી સંત પાસે રુબરુ મળવા ગયો. પ્રશ્ન પૂછવાને બદલે રાજાએ કહ્યું, 'ગુરુદેવ, આપની શરત મુજબ એકાંતમાં મૌન પાળવાથી જ હું આનંદસાગરને કિનારે આવી પહોંચ્યો છું. આટઆટલા તીર્થસ્થાનો પર ગયો હોવા છતાં આ પંદર દિવસના મૌનથી મને અપાર સુખ, શાંતિનો ઉત્તમ અનુભવ થયો છે.' પ્રવૃત્તિઓ બહિર્મખી હોય છે. ત્યારે આપણને ક્ષીણ કરે છે. અને અંતર્મુખી હોય ત્યારે પોષણ મેળવી બળવાન બને છે.

# દેર આયે, દુરસ્ત આયે

*તંત્રીસ્થાનેથી...*

રામનારાયણ પાઠક 'શેષ'નું એક જાણીતું ભજન આ રીતે શરૂ થાય છે : 'હજીયે ના જાગ્યો મારો આતમરામ !' માનવી કેટકેટલા સારાનરસા અનુભવોમાંથી પસાર થયા પછી આવી ચિંતનાત્મક માનસિકતા સુધી પહોંચતો હોય છે. હવે તો બહુ મોડું થઈ ગયું છે, ઉંમરના ઉંબરે પહોંચી જવાયું છે - છતાં પેલી સાંસારિક મોહમાયાથી છૂટી શકાતું નથી; જીવ કયાંક ને કયાંક અટવાયેલો રહે છે. કવિ એટલેસ્તો જાત સાથે સંવાદ કરી અફસોસ વ્યક્ત કરે છે. જીવનનાં તમામ ક્ષેત્રોમાં આ પ્રકારના સંજોગો સરજાતા રહે છે. દાખલા તરીકે 'જાહેર જીવન' તરીકે ઓળખાતા રાજકારણમાં. કોરોનાની બુમરાણ મચી હતી તો પણ નેતાઓની નજરમાં તો ખુરશી જ હતી. અર્જુનને જેમ ઝાડ ઉપર બેઠેલા પક્ષીની આંખ જ દેખાતી હતી એમ આપણા મહત્વાકાંક્ષી અને સેવાવૃત્તિ ધરાવતા નેતાઓને કાળજાળ કોરોનાના વાવાઝોડા વચ્ચે પણ ચૂંટણી અનિવાર્ય લાગતી હતી. પછી એ કોઈ વિધાનસભાની હોય કે સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની. લોકશાહીમાં ચૂંટણી જ એક માત્ર રસ્તો છે - સત્તાના સિંહાસન સુધી પહોંચવાનો. એટલે ગમે તેવી પ્રતિકૂળથાઓ વચ્ચે પણ રાજકારણીઓ ચૂંટણીની વૈતરણી તરવા કૃતસંકલ્પ રહેતા હોય છે. ગુજરાતમાં વિધાનસભાની પેટાચૂંટણીઓ તથા સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ જીતવી અને પોતાનું વજૂદ પ્રસ્થાપિત કરવું તે ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટી અને રૂપાણી સરકાર માટે એક રાજકીય મજબૂરી હતી. એટલે આ ચૂંટણીઓ થઈ, એમાં રેલીઓ યોજાઈ, ભીડ જામી; નેતાઓ પોતે અને અનેક કાર્યકો સંક્રમિત થયા. દિવાળીના તહેવારો પછી સંક્રમણમાં આવેલો ઉછાળો સ્થાનિક સ્વરાજની - મહાનગર પાલિકાઓ અને જિલ્લા-તાલુકા પંચાયતો સહિત નગરપાલિકાઓની ચૂંટણીઓ પછી ફરી પાછો ટોચ પર પહોંચ્યો છે. ઠંડો પડેલો વાઈરસ ફરી ખૂંખાર હિંસક જાનવરની જેમ ત્રાટક્યો છે. એવા સંજોગોમાં ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીના પ્રચારકાર્યમાં રેલીઓ અને ઘરે ઘરે ફરીને મત માગનારા ઉમેદવારો તથા પ્રચારકો જાહેર જનતા માટે જોખમરૂપ બની રહ્યા છે. આમ આદમી પાર્ટી, કોંગ્રેસ અને પ્રજાજીવન સાથે માત્ર સેવાવૃત્તિથી જોડાયેલાં અગ્રણી પ્રજામંડળોએ મહાનગર પાલિકાની ચૂંટણી મોકૂફ રાખવા રજૂઆત કર્યા પછી મોડે મોડે મુખ્યમંત્રીશ્રીનો આતમરામ જાગ્યો છે અને એમણે ચૂંટણી પંચને ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણી સ્થગિત કરવા વિનંતી કરતો ભલામણ પત્ર પાઠવ્યો છે. મુખ્યમંત્રીને પણ ખાતરી થઈ ગઈ હશે કે અમદાવાદની જેમ ગાંધીનગર પણ કોરોના હોટસ્પોટમાં ફેરવાઈ રહ્યું છે ત્યારે આટઆટલી રજૂઆતો અને હાઈકોર્ટની ટકોર પછી પણ જો ચૂંટણી ચાલુ રખાશે તો સરવાળે એમની સરકાર અને પાર્ટી પર જ માછલાં ધોવાશે. દેર આયે, દુરુસ્ત આયે - જેવો આ નિર્ણય જરૂર આવકારીએ; પરંતુ જો બીજી લહેર શરૂ થયાના અણસાર મળતાંની સાથે આ નિર્ણય થયો હોત તો ગાંધીનગરની પ્રજાને કોરોના સંક્રમણમાંથી વધુ સારી રીતે સુરક્ષિત રાખી શકાઈ હોત. પ્રજા એટલું તો સમજી શકે છે કે કોરોનાનો બીજો તબક્કો સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓના પ્રચારકાર્યમાં ઊમટેલી ભીડનું પરિણામ છે. દરમિયાન કવિ નલિન રાવળ અને પ્રશિષ્ટ નિબંધકાર ફાધર વાલેસની પંગતમાં બેસે એવા પ્રબુદ્ધ વિચારક ફાધર વર્ગીસ પૉલ આપણને અલવિદા પાઠવી ગયા છે. એમના આત્માને પરમાત્મા પરમ શાંતિ બક્ષે એવી પ્રાર્થના કરીએ.

# ત્યારે આપઘાતની ઘાત ખરેખર ટળી ને વળી ગઈ હશે !



આરપાર
રાઘવજી માધડ

ફરી એક કિસ્સો પ્રિન્ટ મીડિયામાં પ્રગટ થયો : કોઈ વિદ્યાર્થીનીએ ઓનલાઈન એજ્યુકેશનના લીધે આત્મહત્યા કરી. સાચું-ખોટું, અંદર-બહાર...જે હોય તે. ઘણીવાર સામે આવે તે સત્ય હોતું નથી અને સત્ય હોય તે ક્યારેક સામે આવતું નથી.પણ અત્યારેતો એક ખીલતું ફૂલ શિક્ષણના નામે કરમાયું તે દુઃખદ ગણાય છે. 'શિક્ષણ' શબ્દ 'શિક્ષા' પરથી આવ્યો છે. શિક્ષાનો અર્થ દંડ થાય. કોઈને પણ આવી શિક્ષા ન મળવી જોઈએ.

ખરેખર તો શિક્ષણ, કેળવણી એ જીવન માટે છે.જીવન બુઝાવવા માટે તો નથી જ નથી.પણ આપણે એવી સ્થિતિ નિર્માણ કરી બેઠાં છીએ કે, કેટલાંયનાં લાડકવાયા શિક્ષણના આ ધસમસતા પ્રવાહમાં તરી જવાના બદલે તણાઈ જાય...તે કેટલી દયનીય ને દુઃખદાયક છે ! નજીકના દિવસોમાં બોર્ડની એક્ઝામ અને પછીથી પરિણામો જાહેર થશે.ભૂતકાળમાં અપેક્ષિત પરિણામ,મેરીટ ન આવવાના લીધે હતાશ થઈ જીવન ટૂંકાવ્યાના અઘટિત બનાવો બન્યા છે.બે દિવસની કાગારોળ પછી સઘળું શમી જાય.પણ જેમનો દીપક બૂઝાયો હોય તેમની પીડાને માપવા કે પામવામાં કોઈ કાટલા કામ એવા નથી હોતા. આવું બને તે ખરેખરતો શિક્ષણની ખામી કે બિનસાર્થકતા સાબિત કરે છે.થોડા દિવસો પહેલા એક શિબિરમાં અતિથિ વક્તાએ ઉદા હરણમાં કહ્યું કે,કોલેજમાં કોઈ એવો અઘટિત બનાવ બનેતે એક પ્રિન્સિપાલ તરીકે મારા ગાલ પર થપ્પડ પડી કહેવાય.નિષ્ફળ ગયાનો જીવતો જાગતો પુરાવો ગણાય.આજે ઓનલાઈન એજ્યુકેશનના કોઈ પુરસ્કર્તા માટે આવી જવાબદારી સ્વીકારવાની હિંમત ક્યાં લેવા જવી !? હા,બચાવની બારી ખુલ્લી છે-આ કોરોના કાળમાં ઓનલાઈન એજ્યુકેશન જ શ્રેષ્ઠ ને બેસ્ટ છે.પણ હવેતો એક વરસ જેવું થવા આવ્યું. ઈનોવેશન્સના ધૂમ-ધડાકા વચ્ચે હવે બીજો કોઈ વિકલ્પ શોધવો,વિચારવો જોઈએ.જેથી વિદ્યાર્થીઓનું શિક્ષણ પ્રવુત્તિ મય,આનંદદાયી અને જીવનલક્ષી બને.આવું કરવા શોધવા,કરવા માટેની તાકાત ગુજરાતના શિક્ષણ જગતને વારસામાં મળેલી છે.આ અલભ્ય શૈક્ષણિક વારસાને સાંપ્રત સમયમાં વ્યવહારુ બનાવવાના પ્રયાસ ને પણ રાષ્ટ્રસેવા ગણવાની કોઈ ના પાડી શકે નહીં. આ માત્ર કહેવાનો નહી, કરી બતાવવાનો સમય છે.

આ જ્ઞાન અને વિજ્ઞાનની સદી છે.તેમાં જ્ઞાન,વિદ્યા અને શિક્ષણનો અર્થ અને ઉપયોગ જુદી જુદી જગ્યાએ જુદો જુદો થતો રહ્યો છે.તેમાં જ્ઞાન અને વિદ્યા સમાનાર્થી શબ્દો રહ્યા છે.જે અજ્ઞાનરૂપી અંધકાર માંથી વ્યક્તિને મુક્ત કરે તે-સા વિદ્યા યા વિમુક્તયે-તેને જ્ઞાન કહે છે.જેનાથી પોતાના સ્વરૂપની જાણકારી થાય તેને શાસ્ત્રોએ જ્ઞાન કહ્યું છે.પણ આ યુગમાં શિક્ષણની બોલબાલા છે. શિક્ષણ નામે મોટો વ્યાપાર કે કારોબાર કૂદકેને ભૂસકે વધી રહ્યો છે. પાલ્યને શું આવડે છે તે કરતા ક્યાં ભણે છેતે અગત્યનું બની ગયું છે.

એક પરદેશી કિસ્સો વાંચવામાં આવ્યો હતો-તેમાં એક વિદ્યાર્થીએ શૈક્ષણિક સંસ્થા પર દાવો માંડ્યો હતો. તેનું કહેવું હતું કે,આ સંસ્થાએ મને એવો તે કેવો બનાવ્યો કે નોકરીની બજારમાં મને મારી એજ્યુકેશનલ ક્વોલિફિકેશનના આધારે કોઈ લેવા, કામ આપવા તૈયાર નથી. મેં મારી જિંદગીના અમૂલ્ય વરસો આ સંસ્થાને આપ્યા છે, વેડફ્યા છે...ને અંતે શું ? આ દિવસો આપણે ત્યાં બહુ દૂર નહીં હોય. કારણ કે કોઈ એવી સંસ્થામાં અભ્યાસ કરેલા મિકેનિકલ એન્જિનીયરને પાના-પક્કડ પકડતા નહીં આવડતું હોય ત્યારે આવું થશે !

કોરોનાએ ફરી જોર પકડ્યું છે ત્યારે શરુ થયેલી સ્કૂલો ફરી બંધ થઈ છે.પણ હજુ કસોટીના નામે ક્યાંક કંકાસ થઈ રહ્યોછે.રોટલો ઘડાય ન ઘડાય તેના સાથે બહુ નિસબત ન હોય પણ રોટલાના ટપાકા બહાર બેઠાં હોય તેમણે સંભળાવા જોઈએ. કસોટીના નામે કદાચ આવું બને, અને એનાં જેવું પણ બને !

સ્કૂલો બંધ છે પણ શિક્ષણ બંધ નથી. ઘણાં શિક્ષકો આવું કહે છે અને કરે છે. કપરા કાળમાં કાર્યરત આવા શિક્ષકોને વંદન કરવા ઘટે. હા, સમય સમયનું કામ કરતો હોય છે. એક સમયે સ્કૂલો પણ પૂર્વરત થશે. ખોરંભાયેલું કે સખળડખલ થયેલું આ માળખું પાછું સરખું થઈ,ગતિ પકડશે. પણ એક સવાલ રહી રહીને નાગના ફેણ ચઢાવી ફૂંફાડા મારે છે, બાળકોને એની મરજી મુજબનું ભણવાનું ક્યારે મળશે ? કલાસરૂમમાં શિક્ષકને જે આવડે અથવાતો નક્કી કરેલું હોય તે જ ભણાવવું જોઈએ કે પછી વિદ્યાર્થીઓને જોઈએ તે ભણાવવાનું હોય !? આ જડબેસલાક બંધ થયેલી શેરીમાંથી નવો મારગ શોધવો ભારે મુશ્કેલ છે. પણ જયારે બાળકને તેની મરજી મુજબનું મનગમતું ભણવાનું મળશે ત્યારે આપઘાતની ઘાત ખરેખર ટળી ગઈ હશે !

**છેલ્લે :**

**જાણી જોઇને પેન્સિલની અણી તોડી નાખતો કારણ કે કલાસરૂમમાં સંચો લઈને તે એક જ આવતી !**

http://raghavjimadhad.blogspot.com
mo. 94270 50995

# શું કોરોનાને આપણે બદનામ કરી રહ્યા છીએ?



મોરપીંછના રંગ
ડો. કનૈયાલાલ ભટ્ટ

કોરોના એ ભારતભરમાં ફરીથી પોતાનું વિકરાળ સ્વરૂપ ધર્યું છે. ગયા વર્ષ કરતાં કહેવાય છે કે આ વખતનો કોરોના વધુ ખતરનાક છે. વર્ષ ૨૦૨૦ પૂર્ણ થતા જુનો કોરોના થાકી ગયેલો એથી એણે થોડો આરામ કર્યો અને આપણે સૌ નવા વર્ષથી એવું માની બેઠા કે હવે કોરોના ગયો. પણ ખરેખર તો કોરોનાએ થોડો વિરામ લીધો હતો કેમકે એ વખતે દેશભરમાં અનેક રાજ્યોમાં ચૂંટણીઓ હતી વળી લોકો આખા વર્ષના ટેન્શનથી પીડિત હતા તેથી તેઓ માનસિક રીતે સ્વસ્થ બને એ માટે કોરોના એ સૌને થોડી રાહત હોય એવું માની શકાય. પરંતુ આખરે કોરોના એ કોરોના છે. જે કોરોનાએ આખા વિશ્વને હચમચાવી નાખ્યું હોય, દુનિયાના તમામ વાયરસોમાં ટૉચનું સ્થાન બનાવી લીધું હોય, એ કોરોના એમ પાછો જાય ખરો ? અને એવું જ થયું, કોરોના ફરીથી તાજોમાજો થઈને નવી ઉર્જા લઈને, નવી મારણ શક્તિ લઈને દેશભરમાં જાગૃત થઈ ચૂક્યો છે. રોજે રોજ આજે કોરોનાના કેસો કુદકે ને ભૂસકે વધી રહ્યા છે.

આ બીજી વખતના કોરોનાના પીક અપએ ઘણા બુદ્ધિજીવીઓ, વિદ્વાનોને વિચારતા કરી દીધા છે, કેમકે હવે તો ઘણા વિચારતા થઈ ગયા છે કે શું ખરેખર કોરોના છે ખરો ? જેણે આખા વિશ્વમાં કાળો કહેર મચાવ્યો છે, લાખો લોકોને મૃત્યુને ઘાટ ઉતાર્યા છે, એવા કોરોનાના અસ્તિત્વ સામે સવાલો ઊઠે છે ?

માની લઈએ કે કોરોના નથી તો આટલા બધા મૃત્યુનું શું ? તો એના જવાબ રૂપે એવી વાતો સામે આવે છે કે વર્ષ ૨૦૧૮ - ૧૯ માં જ્યારે કોરોના નહોતો ત્યારે દરેક તાલુકા-જિલ્લા રાજ્યો અને દેશભરમાં અન્ય બીમારીઓથી મરનારની સંખ્યાની તપાસ કરી જાહેર કરવી જોઈએ કે જેથી દરેકે દરેક મૃત્યુ કઈ કઈ બીમારીને કારણે થયા એની ખબર પડે.

જેવી રીતે મેલરીયા, ટાઈફોડ, સ્વાઈન ફ્લ્યૂ, ડાયાબિટીસ, હાર્ટ એટેક, વગેરેને કારણે દેશભરમાં દર વર્ષે કેટલા લોકો મૃત્યુ પામે છે ? તેની સંખ્યા જાહેર થાય એ જરૂરી છે. અને પછી કોરોના ના સમયગાળામાં કેટલા મૃત્યુ પામ્યા એ આંકડો તપાસવો જોઈએ. તો શું આ સમયગાળામાં જેટલા મૃત્યુ થયા છે તે કોરોનાને કારણે જ થયા છે કે અન્ય બીમારીઓને કારણે ? કે પછી એ સૌને પણ કોરોનામાં ખપાવીને એક ડરનો માહોલ ઉભો કરવામાં આવી રહ્યો છે ? અગાઉના વર્ષોમાં અન્ય બીમારીઓથી થયેલા મૃત્યુ આંક કોરોનાના વર્ષમાં અચાનક ગાયબ કેમ થઈ ગયો ? દા.ત. છેલ્લા પાંચ વર્ષનો રેકોર્ડ તપાસતા દર વર્ષનો એક અંદાજિત આંક ધારીએ કે સ્વાઈન ફ્લ્યૂને કારણે દેશભરમાં દસ હજાર, મેલરીયાને અને કારણે દસ હજાર, ડાયાબિટીસને કારણે દસ હજાર, હાર્ટ એટેક ને કારણે દસ હજાર મૃત્યુ થતા આવ્યા છે. તો પછી શું આ બધી બીમારી કોરોનાના સમયમાં અચાનક ગાયબ થઈ ગઈ ? કે પછી કોરોના ને બદનામ કરીને બધાને ડરાવવામાં આવી રહ્યા છે ?

હવે તો મોટાભાગના લોકો એવું માની રહ્યા છે કે બિચારા કોરોના ને બદનામ કરવામાં આવી રહ્યો છે. એનાથી ડરનો એક માહોલ બનાવવામાં આવી રહ્યો છે, જેની ઓથે આખું મેડિકલ સાયન્સ, માર્કેટ, રાજનીતિ અને દવા ઉદ્યોગોનો અટકી ગયેલો વિકાસ કામ કરી રહયો છે. આખો દેશ ને દુનિયા જાણે છે કે છેલ્લા એકાદ વર્ષથી દવા ઉદ્યોગ, ડૉકટરોના દવાખાનાઓ અને લેબોરેટરીઓ બધુ ખુબ જ ધમધમવા લાગ્યું છે. આ કોરોનાના સમયગાળામાં અન્ય બિમારીઓ અચાનક ગાયબ થઈ ગઈ અને ચારેતરફ કોરોના કોરોના શા કારણે થઈ રહ્યું છે ? આવો સવાલ દેશની દરેક વ્યક્તિના મનમાં છે. પરંતુ કોઈ બોલવાની હિંમત કરતું નથી.

મિત્રો પણ હવે હું મારો જાત અનુભવ લખીશ, ૩૧ માર્ચ થી હું પણ કોરોનાથી સંક્રમિત થયો છું. એ દિવસે મને શરીરમાં સહેજ નબળાઈ લાગી હળવો તાવ શરૂ થયો, માથું ભારે ભારે થઈ ગયું. એવી રીતે એક દિવસ તો નીકળી ગયો બીજે દિવસે મારા કાકાના દીકરા ના દીકરાની સગાઈ હોવાથી એ પ્રસંગ એમના ઘેર અમદાવાદ પણ ગયો. બપોરે ગાંધીનગર પરત આવી એમ. ક્યોર હોસ્પિટલના ડૉક્ટર સંદીપ કોન્ટ્રાક્ટરને બતાવ્યું. અને ડોક્ટરે દવા લખી આપી. ઓક્સિજન લેવલ ૯૫ આવ્યું. અને એક મોબાઈલ નંબર આપ્યો ને કહ્યું કે આ નંબર ઉપર કોલ કરશો એટલે ઘેર આવીને બધા ટેસ્ટના સેમ્પલ લઈ જશે, બીજે દિવસે એ નંબર પર મેં કોલ કર્યો અને બપોરે એક ભાઈ આવીને બ્લડ, યુરિન અને મોં તથા નાકમાંથી સેમ્પલ લઈ ગયા.


હું તો આત્મવિશ્વાસથી ભરપૂર હતો કે મને કોરોના હોય જ નહીં. પણ બીજે દિવસે એક વાર રાત્રે સાડા ત્રણ વાગ્યે ઉઠ્યો, રસોડામાં ગરમ પાણી મૂક્યું કે ચક્કર આવ્યા, પાંચેક મિનિટ પછી આંખ ખુલી તો હું રસોડામાં નીચે પડી ગયો હતો. તરત ઉભો થઇ રૂમમાં જઈ સૂઈ ગયો પછી બે દિવસ રિપોર્ટની રાહ જોઈ. શરીર ક્યારેક-ક્યારેક ઠંડુ પડી જાય, પરસેવો વળવા લાગે, તરત સૂઈ જવું પડે, જમવાનું ફાવે નહીં, સ્વાદ જતો રહે, પાણી કડવું લાગે, આવું બધું મને થતું રહ્યું. પાંચ એપ્રિલ રિપોર્ટ આવ્યો કે તમે પૉઝિટિવ છો. જો કે હું અગાઉથી જ આ બીમારી પ્રત્યે પોઝિટિવ હતો કે કંઈ વાંધો નહીં લડી લઈશું. હું તો પોઝિટિવ છું ને મને પોઝિટિવ કર્યો પણ હું કોરોનાને નેગેટિવ કરીને ભગાડીશ.

હાઈડૉઝની દવાઓ, આયુર્વેદિક, ઘરગથ્થુ ઉપાયો..બધું જ ચાલું છે. ઑક્સીજન લેવલ ૯૭/૯૯ છે. ફળફ્રૂટ્સ, ગરમ જમવાનું, અને આરામ એ જ કોરોનાની સારવાર.

મિત્રો, જે લોકો માને છે કે કોરોના જેવું કાંઈ છે જ નહીં તો તેઓને જ્યારે કોરોના થશે ત્યારે ખબર પડશે, માટે કોરોનાની હયાતિ સ્વીકારીને સાવચેતી રાખવી એ જ સાચી સુરક્ષા છે. બધી જ હોસ્પિટલો હાઉસફૂલ છે ગાંધીનગરથી રોજના હજારો કોરોના સેમ્પલ ટેસ્ટ કરવા માટે અમદાવાદ જાય છે અને રિપોર્ટ ચાર-પાંચ દિવસે આવે છે. આમાં બિચારા ડૉક્ટરો પણ કાઈ કરી શકે એમ નથી અને કોરોના જીવલેણ તો જ બને છે જો યોગ્ય સમયે યોગ્ય સારવાર ન મળે તો. આ નવો કોરોના સહેજ પણ લક્ષણ બતાવ્યા વિના આપણી અંદર પ્રવેશી જાય છે, તેથી ખૂબ જ સાવચેતી રાખવી જરૂરી છે બને ત્યાં સુધી બહાર જ નીકળો ફરીથી બે ત્રણ મહિના બધું જ કામકાજ બંધ કરી દો જીવતા હોઈશું તો બીજું ઘણું બધું થઈ શકશે.

9426060601.india@gmail.com

# 'સાવ ઓચિંતુ સભા છોડી કોઈ ચાલ્યું ગયું, કોઈ ના પૂરી શકે, એવી જગા ખાલી પડી!'



રજવાડ
અજય ઉપાધ્યાય

'જેને માટે મેં ખલીલ, આખી ગઝલ માંડી હતી, એ જ આખી વાત કહેવાનું તો હું ભૂલી ગયો. " ભલે ખલીલસાહેબે આ શેર લખેલો પણ મુશાયરાના ચાહકો અને ખાસ તો ખલીલસાહેબના ભાવકો એ વાત સુપેરે જાણે છે કે મુશાયરામાં ખલીલ સાહેબ ક્યારેય કોઈ વાત ( શેર ) ભૂલતા નહીં, ઈનફેક્ટ એમને તો ક્યારેય બીજા કવિઓની જેમ કાગળો કે ડાયરી સાથે રાખવાની જરૂર પડતી જ નહીં....લગભગ બધા જ શેર કંઠસ્થ અને એકપછી એક શેરની રજૂઆત કરતાં જ રહેતા, અને સરવાળે એમના જ શબ્દોમાં કહીએ તો 'ગરદનો ટૂંકી પડીહ્રતી મંચ પર..એટલા ફૂલહાર ભેગા થઈ ગયા. " જી હા, પઠનને અંતે સન્માનમાં એમને જેટલા ફૂલહાર પહેરાવી એટલા ઓછા પડતાં કેમકે ખલીલસાહેબ જે મુશાયરામાં હોય એ મુશાયરામાં એ જાન ફૂંકી દેતા. વન્સમોરની એમને નવાઈ નહોતી. ખલીલ ધનતેજવી એમનો કાવ્યપાઠ પૂરો કરીને બેસી જાય અને શ્રોતાઓ વન્સ મોર કરીને એમને પાછા પૉડિયમ પર બોલાવીને બીજો દોર ન કરાવડાવે એવું બને જ નહીં. લગભગ દરેક મુશાયરામાં ખલીલ સાહેબની ગઝલો કે શેર નો વન્સમોર થતો જ રહેતો અને ખલીલ સાહેબ બિલકુલ કંટાળયા વગર કે કોઈ ભાવ માંગ્યા વગર વન્સમોરની માંગ પૂરી પણ કરતાં. આ લખનારને યાદ છે કે અમદાવાદ બુક ફેર વખતે યોજાયેલા મુશાયરામાં અનેકો નામાંકિત કવિઓ વચ્ચે પણ ખલીલ સાહેબના શેર / ગઝલો માટે વન્સમોર તો ઠીક પણ વન્સમોરનો પણ વન્સમોર થયેલો અને હળવા સ્મિત સાથે ખલીલ સાહેબે શ્રોતાઓની એ માંગણી પણ પૂરી કરેલી. ગુજરાતી મુશાયરામાં શ્રોતાઓને ડોલાવી દે એવા બહુ ઓછા કવિઓ છે એમાં ખલીલસાહેબ નિઃસંદેહ શિરમોર હતા. અને ચાહકોના આટલા બધા પ્રેમનું કારણ પણ એમના આ સુંદર શેરમાં જ મળી આવે છે કે 'જેમાં સૌને પોતપોતાની છબિ દેખાય ના,એ ગઝલ મારી નથી, એ વારતા મારી નથી.'

ખલીલ સાહેબ આ દુનિયા છોડીને ગયા એને આ વાંચતાં હશો ત્યારે ઓલમોસ્ટ એક અઠવાડિયાથી વધુ સમય વીતી ચૂક્યો હશે અને આ સમય દરમ્યાન એમના જીવન-કવન વિષે ઘણું લખાયું છે એટ્લે એ બાબતોનો પુન્રોચ્ચાર ટાળીને આજે આપણે ખલીલસાહેબના ચુનંદા શેરનું રસપાન કરીશું. "મર્દ છું, અશ્રુ વગર પણ રડતાં ફાવે છે મને, જોઈ લો એકે ઉઝરડો મારા ચ્હેરા પર નથી.." અને 'ઓસરીના દીવા પર આપને ખુમારી છે, મેં ય વાવાઝોડાની આરતી ઉતારી છે.હ્ર ખલીલસાહેબના લગભગ દરેક શેર / ગઝલમાં મોટાભાગે માનવીય સંવેદના જોવા – અનુભવવા મળતી. "પગ પસારું છું હંમેશા હું મારી ચાદર મુજબ, બોજ કંઈ મારી હયાતીનો આ દુનિયા પર નથી. ' એમની રચનાઓમાં આ સંવેદનાની સાથે સાથે ખુમારીના અચૂક દર્શન થતાં અને એ ખુમારી પણ જેવીતેવી નહીં પણ એકદમ મજબૂત ખુમારી, ' અને એટ્લે જ કદાચ આ શેર કવિતાવીશ્વમાં મીલ કા પત્થર મનાય છે "તમે મન મૂકી વરસો, ઝાપટું આપણને નહીં ફાવે, અમે હેલીના માણસ, માવઠું આપણને નહીં ફાવે.." અને ' ખુમારી તો ખરેખર વારસાગત ટેવ છે મારી, હું મારી ટેવ છોડીને તને મળવા નહિ આવું." ખલીલસાહેબ માવઠાના માણસ હતા જ નહીં એ તો એમની ગઝલોના ચાહકો એકીઅવાજે કબૂલશે.

ખલીલસાહેબે ગઝલોમાં કેટકેટલા નવા પ્રકારો / કલ્પનોને અમલમાં મૂક્યા. ના પાડવાની આ એમની રીત જુઓ "હું ચહેરો ત્યાં જ છોડીને તને મળવા નહિ આવું, કે દર્પણ તોડી ફોડીને તને મળવા નહિ આવું." જેવો છુ એવો જ આવીશ એ કહેવાની આ રીત અનોખી છે. 'ઘર સુધી તું આવવાની જીદ ન કર,ઘર નથી, નહિતર હું ના પાડું તને' માં કવિની કશું સંતાડવું નહીં એ ભાવના વ્યક્ત થઈ છે. આગળ કવિ ખુમારી અને પ્રેમને બહુ સરસ રીતે વ્યક્ત કરતાં કહે છે કે 'કહે તો મારું આ માથું મૂકી લાઉં હથેળી પર, પરંતુ હાથ જોડીને તને મળવા નહિ આવું.'. અને આ જ પ્રેમ જ્યારે સવાલોના ઘેરામાં આવે તો કવિ લખે છે કે "સવાલો આપલે કરીએ, જવાબો મેળવી લઈએ, તમારી ડાયરી મારી કિતાબો મેળવી લઈએ, તમારા સ્મિત સામે રોકડા આંસુ મેં ચુકવ્યા છે, છતાં જો હોય શંકા તો હિસાબો મેળવી લઈએ' જો કે ખલીલ પ્રેમની એ વાત જરા અલગ રીતે પણ રજૂ કરી શકેલા 'જેટલી ફૂલોમાં રંગત છે, બધી તમને મળે,ફૂલની માફક મહેકતી જિંદગી તમને મળે! યાદ જ્યારે પણ તમે આવ્યાં, દુવા માગી છે મેં,જે મારી કિસ્મતમાં છે એ પણ ખુશી તમને મળે!' કેટલા સરળ શબ્દો ! પ્રેમમાં પહેલની વાત આગળ વધારતા શાયર લખે છે કે 'હોઠ પર મનગમતા ઉત્તર ટાંપીને બેઠા છે પણ, એ જરા હિંમત કરી પૂછે તો વાત આગળ વધે!' ને છતાયે ના ફાવે તો કવિ લખે છે કે 'આપ અમારી જોડે રહેજો - ના ફાવે તો, વળતી ગાડી પકડી લેજો બીજું શું ?' સીધી બાત - નો બકવાસ!

જીંદગીની અનેકો ધૂપ-છાવ જોઈને જ ખલીલસાહેબની કલમે આ શેર અવતરેલો કે 'એ ગુંલાટો ખવડાવે, નાચ પણ નચાવી દે, જિંદગી ઓછી નથી, જિંદગી મદારી છે. ' ખાલી હાથની વ્યથા એમના આ શેરમાં હૂબહૂ ડોકાય છે 'સાવ ખાલી હાથે પણ આલીશાન જીવ્યો છું, મેં સતત ગઝલ માફક, જિંદગી મઠારી છે.' ક્યારેક દુખને પણ ગળે લગાડવાની વાત એમના આ શેરમાં છે કે 'કોક દિ દિવો પવન સામે ધરો,કોક દિ ચલવી લો અજવાળા વગર'. પોતાની ગઝલોમાં બહુ ભારેખમ શબ્દોનો ઉપયોગ ટાળીને સાદી સરળ ભાષામાં વાત કહેવાની હથોટીએ એમને વિખ્યાત બનાવી દીધેલાં. ' પગ ઉપાડું કે તરત ઊઘડે છે રસ્તા ચોતરફ, જે તરફ દોડે છે ટોળું, એ દિશા મારી નથી. 'કેટલી તાત્વિક વાત! જો કે એમની ગઝલોમાં ખામીઓ શોધનારાઓને ખલીલે આમ ઝાટકેલા 'હા, વિવેચક છો તમે જાણું છું હું,પણ જરા આઘા ઘસો, રસ્તો કરો., આપ છો ભાષાભવનના માસ્તર, લો જરા ટહુકાનો તરજુમો કરો'!

પત્રકારજીવ હોવાને લીધે ખલીલસાહેબ લોકભોગ્ય શબ્દોનો પરફેક્ટ ઉપયોગ પોતાની રચનાઓમાં કરી જાણતા. 'રદીફ ને કાફિયા સાથે ગજબની લેણાદેણી છે, મને ફાવી ગયું છે વાત કરવાનું સહજતાથી.હ્ર આ સહજતા જ એમની રચનાઓની યુએસપી હતી. પ્રેમ સિવાયના એમના અમુક મુક્તકો જુઓ : 'કોઈ સ્થળે બેચાર મરે છે,ક્યાંક કશે દસબાર મરે છે; હિન્દુ મુસ્લિમ બંને સલામત, માણસ વારંવાર મરે છે.' મુંબઈ હુમલા પછી એમણે લખેલો આ શેર કેટલો ચોટદાર છે. કે પછી ગરીબી પર આ વાર 'ભૂખ જ્યારે ગરીબના ઘરમા,અપ્સરા થઈને આવવા માંડે, ભૂખ્યા બાળકને સુવાડી દેવા, રંક રાજાની વાર્તા માંડે ' કે 'આપણો દેશ'ને રાજ પણ આપણું પોતાનું, એ સાચું છે પણ અફવા જેવું લાગે છે.... જેવા ચોટદાર શેરો પણ લખ્યા. "રગ રગને રોમ રોમથી તૂટી જવાય છે, તો પણ મઝાની વાત કે જીવી જવાય છે; ખાલી ગઝલ જો હોય તો ફટકારી કાઢીએ, આ તો હ્રદયની વાત છે, હાંફી જવાય છે ". પોતાની ગઝલોમાં હ્રદયની જ વાત કહેતા ખલીલ સાહેબે ભલે લખ્યું કે ' ખલીલ આ મહફિલોમાં હું કાલે આવું કે ના આવું, ફરક શું પડશે કોઈના હોવા ના હોવાથી ' પણ ગુજરાતી મુશાયરાને ખલીલ સાહેબની ખોટ પડશે જ અને એટ્લે જ કાશ ખલીલ સાહેબના આ શેરની જેમ બન્યું હોત તો...."કંઈક વખત એવું બન્યું કે છેક અંતિમ શ્વાસ પર, મોત ને વાતોમાં વળગાડીને હું સરકી ગયો."...!